ગાંધીનગર સમાચાર

તા. ૩૦-૧૨-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### ‘પીકે’ના વિવાદની આરપાર

જાણીતા ફિલ્મ અભિનેતા આમિરખાન ત્રણ ખાનબંધુઓ પૈકી સૌથી વધારે સમજદાર, સમાજલક્ષી અને કલાપ્રિય કલાકાર તરીકેની પ્રતિષ્ઠા ધરાવે છે. એ ફિલ્મની પસંદગી બાબતે પણ ઘણા વિચારશીલ અને ચીવટવાળા ગણાય છે. એમની ફિલ્મ ‘લગાન’ છે ક ઓસ્કાર સુધી પહોંચી હતી જો કે છેલ્લા રાઉન્ડમાં નીકળી જતાં પારિતોષિકથી વંચિત રહી ગયેલી. આમિર જે કોઈ ફિલ્મ બનાવે છે કે એ ફિલ્મમાં કામ કરવાનું સ્વીકારે છે એમાં સાંગોપાંગ આત્મસાત્ અને સમર્પિત બની જાય છે. તેથી ફિલ્મ ક્રિટિકસ એમને મૂઠી ઉંચેરા અભિનેતા ગણે છે. છેલ્લે ટીવી શ્રેણીના માધ્યમથી પણ સમાજને કનડતી સમસ્યાઓ સામે લાલબત્તી ધરીને પ્રશંસા પામેલા આ કલાકારને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમની સફાઈ ઝુંબેશમાં નોમિનેટ કરીને ગૌરવ બક્ષ્યું હતું. પરંતુ ‘થ્રી ઈડિયટ્સ’ જેવી કલાત્મક ફિલ્મ આપી લાખો પ્રેક્ષકોનાં દિલ જીતી લેનાર આમિરની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ ‘પીકે’ બિનજરૂરી વિવાદમાં સપડાઈ છે. એ સાચું કે ‘પીકે’માં નિર્માતા રાજકુમાર હિરાણી કે અભિનેતા આમિરે સહેતુક કોઈ ધર્મસંપ્રદાય વિશે ઘસાતો અભિપ્રાય ઉભો કરવાનો ઈરાદો ન જ રાખ્યો હોય પરંતુ ઉત્સાહમાં આવી જઈ કેટલાંક એવાં દૃશ્યો અને પ્રસંગો સામેલ કરી દીધા હોય જે સમાજમાં પ્રવર્તમાન દૂષણો વિરૂધ્ધની ઝુંબેશ તરીકે બરાબર લાગે છતાં એનો એક અર્થ જે-તે ધર્મ-સંપ્રદાયને ઉતારી પાડતો હોય એવો નીકળે. જગદ્ગુરૂ શંકરાચાર્યથી લઈ બાબા રામદેવ સુધીના ધર્મજગતના પ્રતિનિધિઓને અને વિશ્વ હિંદુ પરિષદ કે બજરંગદળ સહિતનાં હિંદુ સંગઠનોને ‘પીકે’માં ફિલ્માવાયેલાં આવાં દૃશ્યો, સંવાદો અને ઘટનાઓ વાંધાજનક લાગ્યાં હોય તો એ માટે આમિરખાને એ બધાંની વિનમ્રતા પૂર્વક માફી માગી લેવી જોઈએ. ફિલ્મ સેન્સર બોર્ડમાં બેઠેલા સમીક્ષકો પ્રજાની નાડ પારખતા હોય એ જરૂરી નથી. એમને બરાબર લખ્યું એટલે બધુ બરાબર જ છે, એમ માની લેવાની પણ જરૂર નથી. એમ તો વરિષ્ઠ રાજપુરૂષ અને ફિલ્મ રસિક ભાજપ નેતા લાલકૃષ્ણ અડવાણીને પણ ‘પીકે’ ખુબ ગમી છે. પરંતુ એમના જ પક્ષ સાથે સંકળાયેલાં સંગઠનો એનાં પોસ્ટર બાળી રહ્યા છે. ત્યારે આમિરખાને કે નિર્માતા રાજકુમાર હિરાણીએ ધડો લેવાની જરૂર છે. ખુદ મુસ્લિમ ધર્મગુરૂઓએ પણ આ ફિલ્મ સામેએ હિંદુ ધર્મની લાગણી દુભાવતી હોઈ વાંધો ઉઠાવ્યો છે. શું આમિરખાન કે રાજકુમાર હિરાણી આ ફિલ્મમાં હિંદુ દેવી દેવતાઓ વિશે કરેલ મજાકિયાં વિધાનો ઈસ્લામ કે મહંમદ પયગંબર સામે કરવાની હિંમત દાખવી શકયા હોત? બોકસ ઓફિસ પર ટંકશાળ પાડવા માટે પણ કયારેક આવા વિવાદો સામે ચાલીને ચગાવતા હોય છે. શું આ ફિલ્મ વિશેનો વિવાદ પણ એવી કોઈ માર્કેટિંગ સ્ટ્રેટેજી હશે? -‘પીકે’ ફિલ્મે આવા તો કંઈ કેટલાય સવાલ રમતા મુકી દીધા છે.

# આર્યોદય વીરાંગના દળ અને મનપા દ્વારા યોજાયેલ મહિલા સ્વરક્ષણ તાલીમ વર્ગ

ગાંધીનગર, તા. ૨૯

તાજેતરમાં શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનિક -ાથમિક વિદ્યાલય, સેક્ટર-૭ ખાતે આર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર સંચાલિત વીરાંગના દળ અને ગાંધીનગર મહાનગર પાલિકાના સયુંકત ઉપક્રમે યોજાયેલ મહિલા સ્વરક્ષણ તાલીમનો પુર્ણાહુતિ કાર્યક્રમ યોજાઈ ગયો.કાર્યક્રમની શરુઆતમાં શાળાનાં આચાર્યા શ્રીમતિ મીનાબેન ચૌધરીએ મહિલા સ્વરક્ષણ તાલીમ કાર્યક્રમની સંપૂર્ણ માહિતી આપેલ હતી.

આ કાર્યક્રમમાં ગાંધીનગર (ઉ.) વિધાનસભાના ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ,મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, આર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટના -મુખ કું.કિલ્લોલબેન સાપરિયા, અ. આં. કે. મંડળના ટ્રસ્ટીશ્રીઓ,શાળાના આચાર્યા શ્રીમતિ મીનાબેન ચૌધરી,વ્યાયામ શિક્ષકો તથા સર્વે શિક્ષકગણ ઉપસ્થિત રહયા હતા.શાળામાં ચાલતા જુડો કરાટેના નિયમિત તાલીમવર્ગની બહેનોએ સ્વરક્ષણનું એડવાન્સ નિદર્શન અને ધોરણ-૫ થી ૮ ની ૪૧૫ જેટલી બેહેનોએ સ્વરક્ષણની લીધેલ તાલીમનું સામુહિક નિદર્શન કરી ઉપસ્થિત મહેમાનોને આશ્ચર્યચકીત કાર્યા હતા.



આ -સંગે ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલે તેમના ઉદબોધન જણાવ્યું કે વર્તમાન સમયમાં સ્વરક્ષણની કળા દરેક બહેનો માટે ઉપયોગી છે. આપણા ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી પણ આ બાબતે ખુબજ ગંભીર છે અને તેથીજ ગુજરાત સરકારના ગૃહખાતા ધ્વારા ચાલતા સુરક્ષસેતુ -ોજેકટ અંતર્ગત બેહનોને સ્વરક્ષણની તાલીમ મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરી છે.તેમણે આર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટ અને ગાંધીનગર મહાનગરપાલિકાની આ ઉમદા કામગીરી બદલ સમગ્ર ટીમને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ તેમના -ાસંગિક વક્તવ્યમાં જણાવ્યું કે ગાંધીનગર મહાનગરપાલિકા ધ્વારા -થમ વાર હાથ ધરાયેલ મહિલા સ્વરક્ષણ તાલીમ ખરેખર સરાહનીય કાર્ય છે.તેમણે આર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટનો આ ઉમદા કાર્યમાં સહયોગ કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.આ કાર્યક્રમમાં સ્વરક્ષણની તાલીમ આપનાર એવા -શિક્ષકો -ીતીબેન હરજીવનભાઈ પટેલ અને પાર્થ જી. શિંદેનું ઉપસ્થિત મહેમાનો ધ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર તાલીમ કાર્યક્રમ દરમ્યાન જેમનો સહયોગ સાંપડયો હતો અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરનાર એવા શાળાના વ્યાયામ શિક્ષિકાબેન શ્રીમતિ અંજનાબેન ચૌધરી નું પણ ઉપસ્થિત મહેમાનો ના હસ્તે આર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટ વતી સન્માન કરવામાં આવ્યું હતું.અંતમાં કાર્યક્રમની આભારવિધિ કિલ્લોલબેન સાપરિયાએ કરી હતી.

## હરિની દૃષ્ટિ...




કાકા, આ લોકો આપણને ગાડી ધીમી ચલાવો નહી તો, જાનનું જોખમ છે એવું કહે છે... અને વિકાસ પુરપાટ ઝડપે કરવાનો આગ્રહ રાખે છે..!!

## સ્વ. પ્રેમશંકર ભટ્ટના ૮૭મા જન્મદિને નિઃશુલ્ક કાનૂની માર્ગદર્શન કેમ્પ યોજાયો

ગાંધીનગર તા.૨૯

ગાંધીનગરમાં સે-૨૧ ખાતે તા.૨૬મી ડિસેમ્બરના શુક્રવારે સ્વ.પ્રેમશંકર વી.ભટ્ટની ૮૭મી જન્મ જયંતિએ નિઃશુલ્ક કાનૂની માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૪૬ વ્યકિતઓને અલગ અલગ પ્રશ્નોના સંબંધમાં કાનૂની માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં બિહાર રાજયના વડી અદાલતના નિવૃત ન્યાયમૂર્તિ જે.એન.ભટ્ટ તેમજ માનવ અધિકાર પંચના પ્રવર્તમાન અધ્યક્ષ ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમમાં ૧૦ સક્ષમ વકીલોની ટીમ દ્વારા માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું. જેમાં મિલ્કત વિષયક, લગ્ન વિષયક, માનવ અધિકારને લગતા પ્રશ્નો અને જમીન વિષયક તેમજ વસિયતનામાં સંબંધિત પ્રશ્નો અંગે નિઃશુલ્ક સંતોષકારક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સ્વ.પ્રેમશંકર ભટ્ટના પુત્ર ન્યાયમૂર્તિ પ્રદિપભાઈ ભટ્ટ એડવોકેટ જયંતભાઈ તેમજ આશિષભાઈ અને પરિવારજનો દ્વારા યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડિયા, સામાજીક આગેવાનો રવિન્દ્રભાઈ દવે, કનુભાઈ ત્રિવેદી, અમૃતભાઈ મોઢ તેમજ મોટી સંખ્યામાં વરિષ્ઠ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં.

## સર્વ વિશ્વ વિદ્યાલય સ્પોર્ટસ સ્પર્ધામાં એલડીઆરપી કોલેજનો ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર તા.૨૯

કડી સર્વ વિશ્વ વિધાલય કેમ્પસમાં યોજાયેલ ઈન્ટર કોલેજ સ્પોર્ટસ સ્પર્ધામાં એલ.ડી.આરપી કોલેજે મોટાભાગની રમતોમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આ સ્પર્ધામાં ભાઈઓની ટીમે વોલીબોલ, ફુટબોલ, ક્રિકેટ, ટેબલ ટેનિસ, બાસ્કેટ બોલ, અને બેડમિન્ટનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. જયારે બહેનોની ટીમે પણ બાસ્કેટ બોલ, બેડમિન્ટનમાં પ્રથમ અને ટેબલ ટેનિસમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ચેસની રમતમાં કોલેજના વિધાર્થીઓ પ્રથમ અને દ્વિતિય ક્રમે રહ્યા હતાં. તેમજ એથ્લેટીકસમાં ૧૦૦ મી દોડમાં ભાઈઓ અને બહેનો બંને એ પ્રથમ સ્થાન મેળવ્યુ હતું. આ ઉપરાંત ૨૦૦ મી દોડમાં બહેનોએ દ્વિતિય અને ભાઈઓએ તૃતીય, ૮૦૦ મી અને ૧૫૦૦ મી દોડમાં ભાઈઓએ દ્વિતિય, બરછી ફેંકમાં બહેનોએ તૃતીય તેમજ લાંબી કુદ અને લંગડી ફાળકુદમાં ભાઈઓએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ૪ અને ૪૦૦ મી દોડમાં પણ પ્રથમ અને ૪ અને ૧૦૦ મી દોડમાં દ્વિતિય સ્થાને રહ્યાં હતાં. વિધાર્થીઓના ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ આચાર્ય ડૉ.ગાર્ગી રાજપરા અને ફિઝિકલ એજયુકેશન ડાઈરેકટર નૌરીન વૈયના તેમજ સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યાં હતાં.

## સર્વ વિશ્વ વિદ્યાલયમાં એમ્પોરિયા-૨૦૧૪ પ્રદર્શનીનું આયોજન કરાયું

સર્વ વિધાલય કેળવણી મંડળ સંચાલિત તથા કડી સર્વ વિશ્વ વિધાલાય સંલગ્ન બી.સી.એ., બી.બી.એ., બી.કોમ. કોલેજમાં તા.૨૯/૧૨/૨૦૧૪ ને સોમવારે એમ્પોરિયા-૨૦૧૪નું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું. ઉદેશ વિધાર્થીઓમાં રહેલી આંતરિક અને સુષુપ્ત શકિતઓ બહાર આવે અને અભ્યાસને લગતી બાબતોને વાસ્તવિક જીવનમાં કેવી રીતે અમલમાં મુકી શકાય તે અંગેની થીમ બેઈઝ પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં કુલ ૨૪ વર્ગોમાં વિવિધ થીમ જેવી કે બી.સી.એ. ના અભ્યાસક્રમને લગતી ઈન્ફોટેકનીકસ, ડેટા ટ્રાન્સમીશન મીડીયા, સાઈબર ક્રાઈમ, મલ્ટી મીડીયા મેજીક, કોમ્પ્યુટર ગેરેજ, એમ.કોમર્સ, ગુગલ અર્થપ બી. બી. એ.ના અભ્યાસક્રમને લગતી એડ વર્લ્ડ, સર્વિસ સેકટર ઈન ઈન્ડીયા, ફોર્મ ઓફ બીઝનેશ, સકસેસ સ્ટોરી ઓફ અમુલ ડીપાર્ટમેન્ટલ, બી.કોમના અભ્યાસક્રમને લગતી એફ.ડી.આઈ, બેક ટુ આયુર્વેદા, મુવીપ્લેકસ, સુપરમોલ, ઈ મંડી, સ્ટોક માર્કેટ, ઈવેન્ટ મેનેજમેન્ટ, ક્રએટીંગ યુઝફુલ ક્રોમ યુઝલેસ, કન્સલટન્સી સર્વિસીઝ રજુ કરવામાં આવી હતી.

એમ્પોરિયા-૨૦૧૪ પ્રદર્શનીમાં કોલેજના દરેક વિધાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધોભ કડી કેમ્પસના લગભગ ૨૦૦૦ વિધાર્થીઓએ આ પ્રદર્શની નિહાળી હતી. ઉદઘાટન પ્રસંગે સંસ્થાના ચેરમેન સાહેબ વલ્લભભાઈ પટેલ તથા સંસ્થાના અન્ય મંત્રીઓ અને પ્રિન્સિપાલઓએ હાજર રહી વિધાર્થીઓમાં ઉત્સાહમાં વધારો કર્યોહતો.

## અક્ષરધામ ખાતે ‘યોગીરાજ સદ્ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામી’ વિષય પર ૭૦મી પ્રવચનમાળા યોજાઈ

ગાંધીનગર તા.૨૯

‘આર્ષ’ સંશોધન કેન્દ્ર ગાંધીનગર દ્વારા પરમ પૂજય શ્રી પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી છેલ્લા ૧૭ વર્ષથી નિયમિતરૂપે ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુંને લક્ષમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યકિતવિશેષ, સામાજીક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર પર દર ત્રણ માસે પ્રવચનનું આયોજન થાય છે. તાજેતરમાં વ્યકિતવિશેષ પ્રવચનમાળા અંતર્ગત ‘આર્ષ’ અક્ષરધામ દ્વારા ‘યોગીરાજ સદગુરુવર્ય ગોપાળાનંદ સ્વામી’ ૭૦મી પ્રવચનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અક્ષરધામના મહંતશ્રી પૂજય આનંદસ્વરૂપદાસ સ્વામીએ આ વિષે પ્રવચન કર્યું હતું. પ્રવચનમાં આશરે ૧૨૦૦ જેટલા શ્રોતાઓએ ભાગ લીધો હતો.

આનંદસ્વરૂપદાસ સ્વામીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે પૂ.ગોપાળનંદ સ્વામી સર્વે સંતસમાજમાં એક ઉચ્ચ કોટિના સંત હતા. સાધુની દિક્ષા ગ્રહણ કર્યા પૂર્વે તેઓનું નામ ખુશાલભટ્ટ હતું. તેઓ શામળાજી મંદિરની નજીક આવેલા ટોરડા ગામના વતની હતા. બાળક ખુશાલદાસનું જીવન ખૂબ જ ચમત્કારિક હતું. શામળાજી મંદિરની મૂર્તિ રોજ ટોરડા મુકામે બાળક ખુશાલભટ્ટ સાથે રમવા જતી હતી. આ કથા ખૂબ જ પ્રચલિત છે. શામળાજી મંદિરનો ઈતિહાસ પણ આની સાક્ષી પૂરે છે. મૂર્તિએ ખુદ દિવ્યવાણી દ્વારા આ અંગેની જાણ ત્યાંના ભકતોને જણાવી હતી.

વિક્રમ સંવત ૧૮૬૪માં ગઢડા ખાતે ભગવાન સ્વામિનારાયણે તેઓને દીક્ષા આપી ગોપાળનંદ નામ રાખ્યું હતું. તેમણે ઉપનિષદ અને શ્રીમદ્ભગવદ્ગીતા ઉપર ભાષ્ય લખેલ છે. અન્ય અનેક ગ્રંથો અને ટીકાઓ પણ તેઓએ લખેલ છે. તેઓ સાહિત્યમાં ખૂબ જ નિપુણ અને વિદ્વાન હતા. નખ-શિખાપર્યંત બુદ્ધિમત્તા વ્યાપેલી હતી. જિજ્ઞાસાવૃત્તિ તેઓમાં ખૂબ જ ઠાંસી ઠાંસીને ભરેલી હતી. હંમેશા કંઈક શીખવાની, જાણવાની, સમજવાની એક અદમ્ય ઈચ્છા તેઓના મન મસ્તિષ્કમાં હંમેશા રહેતી હતી. વળી તેઓએ દીક્ષા ગ્રહણ કર્યા પૂર્વે અષ્ટાંગયોગ પણ સિદ્ધ કર્યો હતો. સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં નંદ સંતોમાં સ્થાન પામનારા અને વિદ્વત્તાનો ખજાનો ધરાવનાર અજોડ સંત હતા.

સંપ્રદાયમાંના પાંચસો પરંમહંસો પૈકી પ્રથમ પંકિતના સંત માના એક હતા.તવેતો ભલે શીરો બનાવે પણ તેને શીરો ચોંટતો નથી. તેમ વાંચન તો ઘણા કરે છે પણ વાંચેલુ જીવનમાં ઉતારતા નથી. અમલ કરતા નથી. એટલે એ લોકો તવેતા જેવા છે. ભગવાનનો મહિમા જાણવો અને સમજવો એ તવેતા અને શીરા જેવો છે. એના માટે એને જીવનમાં ઉતારવાની પ્રબળ ઈચ્છાશકિત અને કર્તવ્યપરાયણતા હોવી જોઈએ. જે ગોપાળનંદ સ્વામી જ હતા. સ્વામિનારાયણ ભગવાને પોતાના આ પૃથ્વી પરના અવતરણના છ હેતુઓ અન્ય કોઈને ન કહેતાં માત્ર ને માત્ર પૂ. ગોપાળાનંદ સ્વામીને યોગ્ય પાત્રતા જાણીને જણાવ્યા હતા. મહિમા જાણવો અને પ્રવર્તાવવો એ ખુબ જ અગત્યનું છે અને સમગ્ર સ્વામીનારાયણ સંપ્રદાયમાં ગોપાળનંદ સ્વામીની સાધુતાને તોલે કોઈ આવી શકે તેમ નહોતું. સ્વામીની રગેરગમાં સ્વામીના દરેક શ્વસોચ્છાવાસમાં ભગવાન સ્વામીનારાયણ વણાયેલા હતા.

# આવો, નવા વર્ષના આગમનને વધાવીએ...

## વિચારસભા

*- નેહલ જયદીપ ગઢવી*

વર્ષ ૨૦૧૪નો અંત અને નવા વર્ષની શરૂઆત થવા જઈ રહી છે ત્યારે કેટલીય ઘટનાઓ બનાવો કે યાદો આ સમયમાં આપણા મનમાંથી એકસાથે પસાર થઈ જતી હોય છે. દિવાળીના તહેવાર બાદ ગુજરાતી નૂતનવર્ષનો આરંભ થાય છે તે જ પ્રમાણે ક્રિસમસની ઉજવણી બાદ નવા વર્ષનું આગમન ધામધૂમથી અને દબદબાભેર થાય છે. સમગ્ર વિશ્વ ૩૧ મી ડિસેમ્બરની રાત્રીએ વિતેલા વર્ષને વિદાય આપી ૧લી જાન્યુઆરીના આગમનની ઉજવણી કરે છે. વિશ્વના મોટાભાગના દેશોમાં ૨૫મી ડિસેમ્બરનો સમય સૌ-કોઈના માટે એક મીની વેકેશન સમાન બની રહે છે. ગલી-શહેર, રાજય અને દેશ-વિદેશની વિવિધ જગ્યાઓએ રોશનીની ઝળહળતી ઝાકઝમાળ જોવા મળે છે. રજાઓ અને તહેવારોને નાન-મોટા સૌ-કોઈ પોતપોતાની રીતે માણે છે તેમ જ તેના માટે પધ્ધતિસરનું આયોજન કરી તેમાં વધુ આનંદનો ઉમેરો પણ કરે છે. ક્રિસમસ સેલીબ્રેશનના ડેઝર્ટ સ્પેશિયલમાં વાઈન કેક અને અન્ય વાનગીઓની સાથે આવો આ વર્ષે તત્વચિંતક થી ગુણવંત શાહ લખે છે તે મુજબની રેસીપી ટ્રાય કરીએ “સૌ પ્રથમ એક કિલો પ્રેમ લઈ, એમાં બરાબર બસો ગ્રામ સ્મિત ઉમેરો. આથો ચડી રહે પછી એમાં ચાર ચમચી વિશ્વાસ અને ત્રીસ ગ્રામ જેટલી સહાનુભૂતિ તથા પા લીટર સચ્ચાઈ ઉમેરો. જે મિશ્રણ તૈયાર થાય એને બરાબર ઘૂંટીને ઘટ્ટ થવા દો પછી એમાં એટલા જ વજન જેટલો આનંદ રેડીને ઠીકઠીક સમય સુધી વૈરાગ્યના રેફ્રીજરેટરમાં મૂકી રાખો. થોડાક કલાક પછી યોગ્ય કદનાં ચકતાં પાડીને શત્રુઓ તથા મિત્રોમાં વહેંચવા માંડો-આવી સ્વાદિષ્ટ વાનગીનું નામ છે : જીવન !”

વર્ષ ૨૦૧૪ નો અંત એ માત્ર કેલેન્ડરના કાગળીયામાં બદલાશે પણ જીવનની ગતિ તો રાબેતામુજબ ચાલ્યા જ કરવાની! જીવનની આ સફર આમ જ ચાલ્યા કરવાની છે એમ માનીને ગમતા કે ન ગમતા કાર્યોને નિષ્ઠાપૂર્વક કરવું એ જ મનુષ્યના જીવનનું અંતિમ લક્ષ્ય હોય તો નિરાશ કે હતાશા ક્યારેક તેની આસપાસ આવી શકે જ નહિ! તકલીફો મુશ્કેલીઓ કે અડચણો વિના જીવનની કલ્પના જ અશકય છે. ગતિમાન હોવું, કાર્યરત હોવું અને આગળ વધતા રહેવું એ તો કુદરતના તત્વોમાંથી જ આપણે શીખ્યું છે ! ઘણીવાર આપણે તકલીફ કે મુશ્કેલીની પરિસ્થિતિમાં આપણું કૌશલ્ય સોળે કળાએ ખીલેલું દીસે છે. આ પ્રકારની કઠિન પલ જીવનને એક નવા મુકામ તરફ લઈ જાય છે. આપણામાં ઉર્જા અને આત્મવિશ્વાસનો સંચાર કરે છે. કવિશ્રી દેવજી રા.મોઢા લખે છે તેમ,

“વિપતના ગંજ વચ્ચે ખીલે પૌરુષ મારું,<br>
એને વિહરવાના મારગ હજો :<br>
સઘળુ છો ખૂટતું, ન ખૂટે એ પંથ એક-<br>
એટલી જ તાત, તવ કરૂણા હજો !<br>
એક મારો પંથ હજી બાકી હજો !”

નવા વર્ષમાં શું કરવું અને કેટલા પ્રોજેક્ટ્સ પર ફોકસ કરવું એનું પ્લાનિંગ તો આપણે સૌ કરવાના જ પણ સાથોસાથ ગયા વર્ષમાં કરવામાં આવેલી ભૂલો અને ક્ષતિઓને પણ સુધારીએ. ભૂલની માફી હોઈ શકે અને પ્રાયશ્ચિત પણ થાય પરંતુ, ભૂલના પુનરાવર્તનની નહિ! આ વાત વલસાડ વિસ્તારના ચીકુની વાડીઓના માલિક ઈરાની શેઠના આ અનુભવોમાંથી સ્પષ્ટરૂપે સમજાઈ શકે : “મારી વાડીમાં કેટલાંય મજૂરો રોજના પગારને ધોરણે કામ કરે. તેમાંનાં કેટલાંક આદિવાસી સ્ત્રી-પુરૂષો પોતાના મામૂલી પગારમાંથી પર રોજના પાંચ-પાંચ રૂપિયા છેલ્લા છ મહિનાથી કપાવતાં હતા. મને એમ કે ‘અલ્પ બચત’ જેવી યોજનાવાળા એ લોકોને સમજાવી ગયા હશે. ચાલો, એય સારું જ છે. બચત કરશે તો રોજ દારુના અડ્ડે જઇ ઢીંચવામાં તો પૈસા નહીં ગુમાવે! બે પૈસા બચ્યા હશે તો છોકરાં સારા કપડાં પહેરશે અને પ્રસંગે એમને જ ખપ લાગશે. પણ આ આદિવાસીઓનો પ્લાન કંઇ જુદો જ હતો, એ તો એમાંના એક રમલાએ આજે ફોડ પાડીને કહ્યું ત્યારે સમજાયું : ‘શેઠ! માફ કરજે. તારે તાં વરહોની વેઠ કરીએ ને તું અમારું પેટ પૂરે. પન તારા હાટુ અમુને કોઇ ભાવ ની મલે. ને અમારી જાત હો એવી કે લાગ મલે તારે ચોરી હો કરી લેવાની. એમાં કાંઇ શરમની ભાજી, ચીકુ, અંબા... અને કોકવાર તો શેઠ, તારું હથિયાર બી વેકી મારેલું હા! પન ભલું થાજો અમારા દાદાનું કે તેમની હારે વાસુકાકા અમારે તાં વસ્તીમાં આઇવા ને ભગવાનની ને સ્વાધ્યાયની હારી હારી વાતો કીધી. તેવાંએ શીખવાઇવું કે ભગવાન આપડી અંદર આવીને આપણને સંભાલે. દૂધની અંદર ઘી હોય, પન ડાયરેકટ જોવા ની મલે, હા, પન અંદર એ હોય તો ખરો જ. એકવાર તેમની વીડીયો કેસેટમાં વાત કાઢી કે મનેખ પાપી હોય તો બી ભગવાન માફ કરવાનો પન એકવાર આપડને હમજ મલીયા પછી બેઇમાની ના થાય, અને પચી માફી બી ના મલે. આ વાત અમનું બરોબર ફિટ લાગે. તેથી વિચાર કીધો કે આપડે ઇરાની શેઠનું બહુ બધું લૂટેલું છે, તો બધુ તો નંઇ પન ફૂલ નંઇને ફૂલની પાંખડી પાછું વારવું જોવે. તે વિના હવે ની ચાલવાનું. તેથી અમે બધા આ છ મહિનાથી રોજના પાંચ રૂપિયા તારી કને કપાવતા છે. એ પૈહા તારા જ છે ને તું જ રાખજે. અમુને બધ્ધાને માફ કરીને અમારું પ્રાયશ્ચિત કરવા દેજે.’

હવે આપણે જેટલા મોડા આપણી ભૂલને જાણીશું તેટલું જ પ્રાયશ્ચિત વધુ કરવું પડશે! તો આજે જ જીવનની વીતેળી પળો અને ઘટનાઓને યાદ કરીને તેમાં થયેલી મન, વચન કે કર્મની ચૂકના પસ્તાવારૂપે પ્રાયશ્ચિત કરવાની શરૂઆત કરી દઇએ અને એને જ નવા વર્ષનું ‘ન્યુ યર રેઝોલ્યુશન’ બનાવીએ!

જીવનને સમજવા માટે તો કદાચ આખું જીવન પણ ટૂકું પડે. સૌ કોઇએ પોત-પોતાની રીતે જીવનની આ માયજાળને મૂલવી છે. જીવનના ગમે તે સ્વરૂપનને આપણે સ્વીકારીએ તો ખરું મહત્ત્વ છે. આપણા અભિગમનું. વીતેલા વર્ષોને ભૂલીને સાચા અર્થમાં જીવીએ એટલે કે દિન-પ્રતિદિન આગળ વધતા જઇએ. સમય જયાં ઉમર વીતતી જાય અને મનુષ્ય વૃદ્ધત્વને આરે આવીને ઊભો રહે ત્યારે તે માત્ર સમયની અસર દર્શાવી શકે પરંતુ, ઉજ્જવલ ચારિત્ર્યને મેળવીને તો તેનો ખરા અર્થમાં વિકાસ દર્શાવી શકાય છે. આપણે સૌ કોઇ એક મૂલ્યનિષ્ઠ જીવન જીવવાનો આગ્રહ રાખીએ તો જ નવા વર્ષને મન ભરીને માણી શકાય. ઇન્ટરનેટના આ હાઇ-ટેક યુગમાં મોબાઇલ અને કોમ્પ્યુટરમાંથી થોડો સમય કાઢી ઘરના એક ખૂણામાં બુક - શેલ્ફ પર ધૂળ ચડેલા પુસ્તકોને પણ થોડો સમય ફાળવીએ નહિ તો પુસ્તકો પણ કંઇક આવી ફરિયાદ કરી બેસશે :

“કબાટ બંધ છે ને કાચમાંથી ચોપડીઓ<br>
તાકતી આરતી ભરે નજરે<br>
મહિલાઓ વીતે છે પણ મુલાકાતીઓ નથી થાતી<br>
જે સાંજો એમની સંગતમાં કાયમ વીતતી’તી એ<br>
હવે કમ્પ્યુટરોના સ્ક્રીન પર વીતે<br>
બહુ વ્યાકુળ રહે છે ચોપડીઓ...<br>
એ પાનાંઓ પલટવાનો યે જીભે સ્વાદ કેવો આવતો’તો<br>
ને હવે તો આંગળીથી ‘ક્લીક’ કરો ને<br>
એક પછી એક દ્રશ્ય ખૂલે સ્ક્રીન પર સહસા<br>
હતો એ ચોપડીઓ સાથે જ સંબંધ અંગત, તે કપાયો...”

આવનારા વર્ષમાં આ પુસ્તકોના કરુણ કલ્પાંતને અનુભવીને પુસ્તકો સાથેનો આપણો જૂના સંબંધ પુનઃપ્રાસ્થાપિત કરીએ! જેમ પ્રાર્થનાને રોજિંદી કાર્યોમાં સમાવેશ કરવાથી આત્મને પોષણ આપીએ તે જ રીતે દિવસનો એક નિશ્ચિત સમય વાંચનનો રાખીએ તો આપણા વ્યક્તિત્વને વધુ ઉજ્જવળ બનાવી શકીશું!